ક્રમાંક:મઉમશબ/સંશોધન/2022/1715-52
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.07/03/2022

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 656
શાખાનું નામ: પ્રાથ
તારીખ: 08/03/22
સહી:

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ 2021-22 માટે ધોરણ-9 અને 11 ના વર્ગબઢતીના નિયમો બાબત.

સંદર્ભ :- અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2018/4179-4216 તા.27/08/2018

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેના સંદર્ભદર્શિત પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2018-19થી અમલી બનતા ધોરણ-9 અને ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહના વર્ગબઢતીના સુધારેલ નિયમો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પાડવામાં આવેલ છે. તેમજ ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહ સિવાયના અન્ય પ્રવાહો માટે બોર્ડના તા.27/09/2016ના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2022/267 થી અમલી બનેલ વર્ગબઢતીના નિયમો યથાવત રાખેલ છે.

શૈક્ષણિક વર્ષ-2021-22 માટે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણયો અન્વયે ધોરણ-9 અને ધોરણ-11ના વિદ્યાર્થીઓએ સમગ્ર વર્ષ દરમ્યાન ઓનલાઈન/ઓફલાઈન શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. શિક્ષણ વિભાગના તા.18/02/2022ના ઠરાવ અન્વયે રાજ્યમાં આવેલ તમામ બોર્ડની શાળાઓમાં ધોરણ-1 થી 12ના વર્ગોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ કરવા અંગે વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઈને તા.21/02/2022થી શાળાઓમાં 100% ઓફલાઈન શિક્ષણકાર્ય શરૂ થયેલ છે.

શૈક્ષણિક વર્ષ-2021-22 માટે ધોરણ-9 અને ધોરણ-11 ના વર્ગબઢતીના નિયમો અંગે શાળાઓ દ્વારા પૃચ્છા કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે :-

શૈક્ષણિક વર્ષ-2021-22 માટે ધોરણ-9 અને ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં બોર્ડના તા.27/08/2018 ના પત્રક્રમાંકથી લાગુ કરેલ વર્ગબઢતીના નિયમો અમલમાં રહેશે. કોરોનાની પરિસ્થતિને કારણે પ્રથમ સત્રમાં લેવાયેલ 25 ગુણની સામયિક કસોટી કેટલીક શાળાઓ દ્વારા યોજાયેલ ન હોય અથવા કેટલાક વિદ્યાર્થીઓએ Covid-19ની પરિસ્થિતિને કારણે સામયિક કસોટી ન આપી શક્યા હોય તેવી પણ સંભાવના છે. બોર્ડના વર્ગબઢતીના નિયમો અનુસાર ધોરણ-9 અને 11 (વિજ્ઞાન પ્રવાહ)ના વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકનના 20 ગુણમાં 05 ગુણ પ્રથમ સત્રની સામયિક કસોટીના અને 05 ગુણ દ્વિતીય સત્રની સામયિક કસોટીના હોય

છે. તેથી શૈક્ષણિક વર્ષ-2021-22માં Covid-19ની પરિસ્થિતિમાં જે શાળાઓ ધ્વારા સામયિક કસોટી લેવાયેલ ન હોય અથવા જે વિદ્યાર્થીએ કોઈ કારણોસર કોઈ વિષયની પ્રથમ 25 ગુણની સામયિક કસોટી આપેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ બીજા સત્રની સામયિક કસોટીમાં સંબંધિત વિષયમાં મેળવેલ ગુણને આધારે પ્રથમ સત્રની સામયિક કસોટીના ગુણ ગ્રાહ્ય રાખીને આંતરિક મુલ્યાંકનના 20 ગુણનું મૂલ્યાંકન કરવાનું રહેશે. જો કોઈ વિદ્યાર્થીએ કોઈ વિષયની પ્રથમ અને દ્વિતીય સત્રની સામયિક કસોટી આપી શક્યા ન હોય તો તેવા વિદ્યાર્થીઓએ અન્ય વિષયોમાં સામયિક કસોટીના કુલ ગુણમાંથી મેળવેલ ગુણની સરેરાશના આધારે જે તે વિષયના સામયિક કસોટીના ગુણ ગ્રાહ્ય રાખીને આંતરિક મૂલ્યાંકનના 20 ગુણનું ગુણાંકન કરવાનું રહેશે. ઉક્ત બાબત ધોરણ-9 અને ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)ના વિદ્યાર્થીઓ માટે આંતરિક મૂલ્યાંકનના 20 ગુણના વર્ગીકરણ માટે માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ-2021-22 માટે જ ધ્યાને લેવાની રહેશે. વર્ગબઢતીના નિયમોની અન્ય બાબતો યથાવત રહેશે. જેની નોંધ લેશો. બોર્ડના તા.27/08/2018 ના પત્રથી લાગુ પાડેલ ધોરણ-9 અને ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)ના વર્ગબઢતીના નિયમોની નકલ આ સાથે સામેલ છે.

ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ) સિવાયના અન્ય પ્રવાહો માટે અત્રેના તા.27/09/2016ના પત્ર દ્વારા જણાવેલ ધોરણ-11ના વર્ગબઢતીના નિયમો યથાવત રહે છે. જેમાં કોઈ ફેરફાર કરેલ નથી. જેની નોંધ લેવા વિનંતી. બોર્ડના તા.27/09/2016ના પત્રથી લાગુ પાડેલ વર્ગબઢતીના નિયમોની નકલ આ સાથે સામેલ છે. (જે ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ) સિવાયના તમામ પ્રવાહોને લાગુ પડે છે.)

ઉક્ત તમામ વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

(બી.એન.રાજગોર)

પરિપત્ર : ૫૪

ક્રમાંક:પરીક્ષ/વર્ગબઢતી/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૦૯/૦૩/૨૦૨૨

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારુ.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક શાળા તમામ
જિ-અમરેલી.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી